# સાહિત્ય...

## કવિતા : તો !

કાલે પણ સૂર્ય સવારે સમયસર પૂર્વમાં ઊગશે . . . .
બંધ થઈ ગયું હશે, એલાર્મ ક્લૉક ને
હું રોજની જેમ જ અર્ધ નિંદ્રામાં હોઈશ . . . .
કૂકડાને હજુ મારી જેમ
મેન્ડ્રેક્સનું વ્યસન થયું નથી
ને તેને 'હેન્ગ ઓવર' ઈફેક્ટ આવતી નથી . . . .
એમ જ સહજપણે એ નિયમિત કર્યા કરે છે
રોજેરોજ કૂકડે કૂક, કૂકડે કૂક . . .
શિયાળાની હાડ થીજવી નાંખતી પરોઢની ઠંડીમાં
બ્રોન્કાઈટિસથી અવાજ બેસી જતો નથી એનો . . .
વિજ્ઞાનીઓ કહે છે કે 'વનસ્પતિમાં જીવ છે',
ને છતાં ક્યારેય તેણે જીવનનિર્વાહ માટે
કોઈને અરજી કરી નથી ! . . . .
આ આમલીનું વૃક્ષ એકલું અટૂલું ને
તોય નિજ મસ્તીમાં મસ્ત છે કેટલું !
અન્યના સાથ-સહારાની, પ્રેમની,
આલિંગનની આવશ્યકતા કે
કોઈ અપેક્ષા નથી તેને, ને હું ડિક્શનરીમાંથી
અઘરા અઘરા શબ્દો શોધી રહ્યો છું,
ગોખી રહ્યો છું, પ્રેમાલાપ માટે !
પણ, છેક છેલ્લી ઘડીએ હોઠ સિવાઈ જાય છે . . . .
કેમ કોઈ સમજી શકતાં નથી
મારી નજરની મૌન વાણીને ?
હું મારા એકદંડિયા મહેલમાં અટવાઉં છું,
એકલતાની દીવાલો વચ્ચે ગૂંગળાઉં છું,
શ્વાસ રૂંધાય છે . . .
કાશ ! હુંય આમલીના વૃક્ષની જેમ
જીવી શકતો હોત તો ?
તો ? ! . . . તો ! ?

- ડૉ. નીતિન વોરા

# સપ્તપદી...

લગ્ન ઈચ્છુક પાત્રોને જીવનસાથી પસંદગી માટે વિશાળ ફલક મળી રહે તે હેતુથી 'સ્નેહ-સેતુ' ના અંકમાં 'લગ્ન વિષયક' જાહેરાત આપવા વિશેષ જગ્યા ફાળવવામાં આવી છે. ફોટો અને બાયોડેટા સાથે ખૂબ જ વાજબી દરે (રૂા. ૩૦૦/- જાહેરાત દીઠ) આપ લગ્નવિષયક જાહેરાત આપી શકો છો, જે જ્ઞાતિની વેબસાઈટ પર પણ મુકવામાં આવે છે. વેબસાઈટ પર અન્ય વૈષ્ણવ સમાજની જીવનસાથી પસંદગીની લિંક પણ ઉપલબ્ધ છે. આ લિંક પરથી લગ્નવિષયક જાહેરાતના વધારાના વિકલ્પ પણ આપને મળી રહેશે. લગ્નવિષયક જાહેરાત માટેનું ફોર્મ અંકમાં આપવામાં આવ્યું છે. વેબસાઈટ પરથી પણ ફોર્મ ડાઉનલોડ કરી શકાય છે. જાહેરાત આપવા માટે આવશ્યક માહિતિ અને ફોર્મ જ્ઞાતિના કાર્યાલય ખાતે જમા કરાવવા.

## જીવનસાથી પસંદગી મેળો

• સર્વે જ્ઞાતિજનોને ખાસ જણાવવાનું કે શ્રી અમદાવાદ દિશાવાળ સમાજ દ્વારા તારીખ ૨૪ ડિસેમ્બર, ૨૦૧૭ ના રોજ ખૂબજ વિશાળ ફલક પર જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન પંડિત દીન દયાળ ઓડિટોરિયમ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. માત્ર દિશાવાળ જ્ઞાતિ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતના તમામ વૈષ્ણવો આ સંમેલનમાં નોંધણી કરાવી શકે છે. રસ ધરાવનાર ઉમેદવારો અને વાલીઓને ફોર્મ ભરવા ખાસ અનુરોધ છે.

# SYNERGY

The moment when we humans reach the stage of life called Teenage, we inside our subconscious mind establish our identity as an independent human being regardless thinking our mental maturity. A teenager's life is the same as a regular average working adult. Keeping the current education system in mind as well the quote from the movie '3 Idiots' which says :

***"Life is a race...agar tez nahi bhaagoge to log tumhe kuchal kea age nikal jaayenge"***

First of all Thank you 3 Idiots for this dialogue...The pressure that student receive is now doubled. There is a stress handling capacity in every a human mind and when it reaches its critical point it often leads to harm of oneself. Sometimes it becomes too difficult for a student to handle the stuff around them that they get broken both physically and mentally. But God was already aware of this scenario, so he gave the duty of helping the students to their respective parents.

Parents have naturally been given the duty of taking care of their offspring. Parents are the natural entities who provide love, comfort, guidance and responsible for the overall development of the child.

Keeping the Indian education system in mind, sometimes parents really get overboard and pressurize the child too much because they are afraid from the fact of seeing their child fail or not doing well in his/her life. Every parent wants the betterment of their child because there are many decisions they've made in their life and suffered because some of them. But they don't want the same to happen with their own child and see him/her suffer. That's what parents do. But sometimes they want their child to achieve something that they weren't able to in their entire life. Also the word 'SAMAAJ/LOG' is also a matter of worrying for some of them. To be precise "samaj ma su ijjat rehse?"

Dear Parents, Read this carefully as I am speaking on behalf of my generation. I hope this rings a bell and be helpful guideline to you. We as children also have some expectations from you. Just for the sake of your wish or keeping the society in mind don't let your children do something that they don't want to. A mind of a child is fragile and you need to let it develop itself. Of course you have to correct your child when he/she is going on a wrong track but typing up your children with rope and dragging them to a location is not what a parent does. That's kidnappers do.

Sorry I might sound rude but that's a reality. In your point of view you think you are doing the right thing but if they love to do something other than studies which is productive then let them do it ! My point is don't restrict your child from his/her bright future. Don't force them to choose their career. Let them have a choice. Learn to understand your child in a real manner. Because here's a little secret which your child won't tell you but I'm going to tell you. Deep inside no matter what, we as your children want you to be proud of us. We want you to be known as OUR parents.

***NOT MONEY NOT SUCCESS...NOTHING MATTERS TO US MORE THAN YOU BEING PROUD OF US FOR WHAT WE DO.***

To a child his/her parents are everything and they try their best to make you happy. Encourage them. Setting up their boundaries for them is the thing that creates a negative impression of you inside your child's mind. They'll stop sharing things with you thinking that you'll judge them.

I mean how hard is it to keep your thoughts aside and try to adapt with the ones of your child ?

Forget what the society will think. Society has enough free time to sit back and gossip but you don't. You have your child which needs your help, warmth but above all...they want you to understand their feelings. Parenting is a process of give and take. Give love get love.

Its simple isn't it?

**- Dhairya Kartik Vora**

# ચિંતન લેખ : 'સ્વ' ની સમજ

આપણા જીવનમાં શારીરિક, આર્થિક, સામાજિક, અનેક વિડંબનાઓ છે. જ્યારે એમાં કસોટીપૂર્વક ઘેરાઈ જઈએ, ત્યારે એક પ્રશ્ન ચોક્કસ થાય, કે 'હું કોણ . . . ? મારે મારા જીવનને સંપૂર્ણ કેવી રીતે બનાવવું . . . ?'—આ પ્રશ્નનો જવાબ શોધતા શોધતા જ્યારે જવાબ મળી જાય, ત્યારે એમ કહી શકાય કે આપણે 'સ્વ' એટલે કે આપણી હસ્તિને સમજી શક્યા છીએ. ચાલો, ષોડશ ગ્રંથના ઉપદેશ થકી આજે એ વિષે વિગતથી વાત કરીએ.

પ્રભુકૃપાથી મને ઉત્તમ માનવજીવન, ઉચ્ચ સંસ્કાર, પવિત્ર પરિવાર અને ખાસ તો મહાપ્રભુજીએ ચીંધેલો અમૃતમય પુષ્ટિમાર્ગ જીવવાની તક મળી છે. એમાંય 'બ્રહ્મસંબંધ' થકી પુષ્ટિમાર્ગનું યથાયોગ્ય આચરણ કરવાનું જગદ્‌ગુરુ મહાપ્રભુજીએ શીખવ્યું છે. મુશ્કેલીના સમયમાં જગદ્‌ગુરુશ્રીના દ્વારે જઈ, મુસીબતની સાચી સમજ અને સાચો ઉકેલ લાવવાનો માર્ગ મળવાથી હું ધન્યતા અનુભવુ છું.

એટલે જ, આચાર્યચરણશ્રી વલ્લભાચાર્ય રચિત ષોડશ ગ્રંથ, એ માત્ર ૧૬ પાઠ નથી, પરંતુ 'સ્વ' ને સમજવાનો સાચો અને સરળ રસ્તો છે. તેના એક એક ગ્રંથમાં જીવવાની સાચી સમજ અને દિશાનો નિર્દેશ કરેલો છે. દૃઢ વિશ્વાસ, દૃઢ આશ્રય, આનંદ, ધીરજ, વિવેક અને શાંતિને સાથે લઈ જીવનની દરેક પરિસ્થિતિને પચાવવાની સમજ આપેલી છે.

જગદ્‌ગુરુ મહાપ્રભુજીની પહેલી મહત્ત્વની શીખ છે, પ્રભુચરણનો દૃઢ આશ્રય. પ્રભુએ જે કર્યું છે, કરે છે અને કરશે, તે સારું જ છે. આ પૃથ્વી એક રંગમંચ છે, પ્રભુ એના કરતાર છે અને આપણે સૌ કઠપૂતળીઓ . . . એ જે કરાવે તે જ થાય છે. એટલે જ, "ભરોસો દૃઢ ઈન ચરણન કેરો ભરોસો . . . શ્રી વલ્લભ પ્રભુ પ્રકાશ બીના સબ જગ માંહી અંધેરો . . ."

મહાપ્રભુજી ગુરુવર્યની અન્ય મહત્ત્વની શીખ છે, 'મનને સ્થિર કર, બધાનો આશ્રય ના કર, મારા પર વિશ્વાસ મૂકી, નિશ્ચિંત થી જા.'

પ્રભુની આજ્ઞા છે કે ચિંતા છોડી, સત્યના પથ પર ચાલી, મને યાદ કરી કર્મ કર. જો આપણે 'સ્વ' ને ખરેખર આ રસ્તે લઈ જઈશું, તો પ્રભુ આપણું જીવન હર ક્ષણ સુખમય, આનંદમય બનાવી દેશે. ષોડશ ગ્રંથ આગળ કહે છે, 'આ જગત મારું છે . . . તમે બૂંદ છો અને હું સાગર છું.' કહેવાનું તાત્પર્ય એ, કે દરેક ઝરણાં, નદી, બૂંદ, બધાએ અંતે સાગરમાં જ સમાઈ જવાનું છે. સાચો વૈષ્ણવ જ્યારે પ્રભુરૂપી સાગરમાં સમાય છે, ત્યારે તેની તમામ ખામીઓ, દુઃખ, બધું જ પ્રભુ પોતાનામાં સમાવી લે છે અને તેને એક નિર્મળ જીવનની ભેટ આપે છે.

મહાપ્રભુજીની ખૂબ મહત્ત્વની શીખ છે, તમારું ભોજન કેવું હોવું જોઈએ. આપણા આચારવિચાર, સંગ અને ભોજનની અસર થકી જ આપણું જીવન નિરામય બને છે. તો આપણે ભોજન કેવું લેવું જોઈએ . . . ? સાત્ત્વિક . . . જી હા, સાત્ત્વિક ભોજન થકી મન સાત્ત્વિક બને છે અને તેને અનુસરતા વચન અને કર્મ પણ શુદ્ધ બને છે. સકારાત્મક વિચારોથી આપણી ભાવના નિર્મળ બને છે. આનાથી આપોઆપ પ્રગતિ થશે. આપણા વિવેક, વિનય, દૃઢતા અને વિશ્વાસ બળવત્તર બનશે. આર્થિક ઉન્નતિ સરળ બનશે અને માનવશરીર, સકારાત્મક જ્યોતિથી આપોઆપ તેજોમય થવા લાગશે. જેના પરિણામે પરિવાર અને સમાજ પણ સ્વસ્થ થશે. માત્ર સાત્ત્વિક ભોજન તમને જીવનની શ્રેષ્ઠ સ્થિતિ તરફ લઈ જઈ શકે છે, એમ ષોડશ ગ્રંથ કહે છે. મહાપ્રભુજી ગુરુનો આ વિચાર કેવો દૂરંદેશી છે . . . !!!

ષોડષ ગ્રંથની ભૂમિકા 'સ્વ' એટલે કે વ્યક્તિમાત્રના નિર્માણમાં ખૂબ જ મહત્ત્વની છે. એની વિશાળતાને સંક્ષિપ્તમાં સમાવવી શક્ય નથી છતાં કહી શકાય, કે મહામૂલું એવું આ માનવજીવન ૧૦૦ વર્ષનું છે. ૨૦ વર્ષ અલ્લડપણામાં, ૫૦મા વર્ષ સુધી પ્રાપ્ત કરવું, કમાવું જેવી પ્રવૃત્તિમાં અને ૨૦ વર્ષ પ્રમાદમાં જતા રહે છે. સાચી સમજ અંતિમ ઘડીએ જ આવે છે. તો આજથી જ 'સ્વ' નો સામજવાનો અનો સાચવવાનો/કેળવવાનો પ્રયાસ શરૂ કરી, જીવનને આનંદમય, ઉજાસમય બનાવીએ. પ્રભુચરણના દાસના આપ સૌને વંદન.

**- શ્રીમતી શિલ્પાબેન સંજયભાઈ શાહ**